# અમરનાથ : ભૂખસ્ખલનમાં ગુજરાતી મહિલાનું મોત

## મહિલાને માથામાં મોટો પથ્થર વાગ્યો : સુરતના કામરેજના ઊર્મિલાબેન મોદી અમરનાથની યાત્રાએ ગયા હતા : એક જ સપ્તાહમાં ત્રીજા યાત્રીનું મોત

સુરત, તા.૧૬

ભારે વરસાદને કારણે આ વર્ષે અમરનાથ યાત્રાને અસર પડી છે. અમરનાથ યાત્રા અધવચ્ચે અટકાવી દેવાઈ છે. તો અનેક ભક્તો રસ્તામાં અટવાયા છે. આવામાં અમરનાથની યાત્રાએ ગયેલા સુરતની મહિલાનું મોત નિપજ્યું છે. સુરતના કામરેજના ઊર્મિલાબેન મોદી અમરનાથની યાત્રાએ ગયા હતા, જેમાં ભુસ્ખલન થતાં ઊર્મિલાબેનને માથાના ભાગે પત્થર વાગ્યો હતો. ઉલ્લેખનીય છે કે, અમરનાથ યાત્રા દરમિયાન એક જ સપ્તાહમાં આ ત્રીજા યાત્રીનું મોત નિપજ્યું છે.

ઉર્મિલાબેન મોદી હજી દોઢ મહિના પહેલા જ અમેરિકાથી ગુજરાત આવ્યા હતા. તેઓ સુરત જિલ્લાના કામરેજના વતની છે. આ દરમિયાન તેઓએ અમરનાથ યાત્રાએ જવાનું નક્કી કર્યું હતું. ગત ૫ જુલાઈના રોજ તેઓ અમરનાથ જવા રવાના થયા હતા. પરંતુ યાત્રા દરમિયાન અચાનક ભૂસ્ખલન થયુ હતું, અને તેમના માથા પર પથ્થર પડ્યો હતો. જેથી તેમનુ મોત નિપજ્યુ હતું. હાલ ઊર્મિલાબેનના મૃતદેહને વતન લાવવાના પ્રયાસો હાથ ધરાયા છે. બીજી તરફ, માંડવીના ધારાસભ્ય અને રાજય કક્ષાના મંત્રી કુંવરજી હળપતિને આ ઘટના અંગે જાણ થઈ હતી. જેથી તેઓએ સરકારમાં મદદ માંગી હતી કે, ઉર્મિલાબેનના મૃતદેહને વતન લાવવા મદદ કરવામાં આવે. ત્યારે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી મદદે આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, અનેક ગુજરાતીઓ હાલ અમરનાથ યાત્રાએ છે, જેઓ રસ્તામાં અટવાયા છે. ગઈકાલે કોંગ્રેસના અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે ટ્વીટ કરી હતી કે, હરિદ્વાર જઈ રહેલ ગુજરાતના યાત્રીઓ ગઈ કાલથી હાઈવે ઉપર યાતા યાત પોલીસ સ્ટેશન , ગાઝિયાબાદ ખાતે ફસાયેલા છે (બસ નંબર GJ-3-AX-0362). આ યાત્રીઓમાં વૃધ્ધો, બાળકો અને મહિલાઓ પણ છે . ટ્રાફિક ખુલ્લો કરાવી યાત્રીઓ હરિદ્વાર પહોંચે તેવી સત્વરે વ્યવસ્થા થવી જોઈએ. યુપી તથા ઉત્તરાખંડ સરકારો સાથે ગુજરાત સરકાર તથા માન. @PMOIndia વાત કરે તેઓ અનુરોધ છે. હું પણ સ્થાનિક પ્રશાસન સાથે સંપર્ક કરું છું. એક સપ્તાહમાં આ ત્રીજા ગુજરાતી અમરનાથ યાત્રીનું મૃત્યું થયું છે. ગત ૯ જુલાઈના રોજ વડોદરાના વેમાલી ગામના રાજેન્દ્ર ભાટીયા (ઉં.વ. ૫૮)નું ખૂબ જ ઠંડી અને ઓક્સિજન ઘટી જતાં મૃત્યું થયું હતું. જ્યારે ૧૩ જુલાઈના રોજ ભાવનગરના સિદસર ગામના અમરનાથ યાત્રી શિલ્પાબેન નરેશભાઈ ડાંખરાનુ રસ્તામાં લોવર વેલી ખાતે મૃત્યુ થયું હતું. જ્યારે આજે કામરેજના ઊર્મિલાબેનનું માથામાં પથ્થર પડતાં મોત નિપજ્યું છે. આ વર્ષે ભૂસ્ખલન, વરસાદ, ઠંડી અને અન્ય આકસ્મિક બનાવોમાં કુલ ૨૪ લોકોના મોત થઈ ચુક્યા છે. દક્ષિણ કાશ્મીર હિમાલયમાં ૩,૮૮૮-મીટર-ઊંચી ગુફા મંદિરની ૬૨-દિવસીય વાર્ષિક યાત્રા ૧ જુલાઈના રોજ અનંતનાગ જિલ્લાના પહેલગામ અને ગાંદરબલ જિલ્લાના બાલટાલથી શરૂ થઈ હતી અને ૩૧ ઓગસ્ટના રોજ પૂર્ણ થશે.

# દ્વારકાના દરિયામાં ઉંચા મોજા ઉછળવા લાગ્યા : કરંટ વધ્યો



દ્વારકા, તા.૧૬

દ્વારકા ના દરિયામાં ઉંચા મોજા ઉછળવા લાગ્યા છે. દરિયામાં કરંટને પગલે ઉંચા મોજા ઉછળવા લાગ્યા છે. મંદિર નજીકના ગોમતી ઘાટ વિસ્તારમાં ખૂબ જ ઉંચા મોજા ઉછળતા જોવા મળી રહ્યા છે. આઠ થી દશ ફુટ ઉંચા મોજા ઉછળતા જોવા મળી રહ્યા છે. દ્વારકામાં ગોમતી ઘાટ વિસ્તારમાં આ પ્રકારના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. દ્વારકામાં દરિયા કિનારે ગોમતી ઘાટ વિસ્તારમાં લોકો પણ દરિયામાં ખૂબ જ મોજ માણતા મળી રહ્યા છે.

સામાન્ય રીતે ગોમતી ઘાટ વિસ્તારમાં ખૂબ મોટી સંખ્યામાં લોકોની ભીડ જામતી હોય છે. દરિયામાં લોકો મોજ માણતા હોય છે અને પાણીમાં નહાવાનો આનંદ લેતા હોય છે. દરિયામાં કરંટ વધવાની સ્થિતીમાં પણ આવી જ રીતે મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે અને મજા માણવા માટે જોખમ અને સાહસ કરતા હોય એમ લાગી રહ્યુ છે. દરિયા કિનારે ઉંચા મોજા ઉછળતા હોવાને લઈ દરિયામાં કરંટ વધી રહ્યો હોય એમ લાગી રહ્યુ છે.

# હિન્દૂ નામે નકલી આધાર કાર્ડ બનાવનાર ઓજેર આલમ સામે ગુનો દાખલ કરાયો

## હિન્દુ યુવતીને ફસાવીને યુવક સાપુતારા લઈ ગયો હતો : સુરતના ન્યૂ બોમ્બે માર્કેટ પાસ અવધ માર્કેટમાં અર્જુનસિંઘના નામે નકલી આધારકાર્ડ બનાવી કાપડનો વેપાર કરતો હતો

સુરત, તા.૧૬

સુરતના પુણા વિસ્તારમાં લવ જેહાદ મામલે હિન્દૂ નામ ધારણ કરી યુવતી સાથે દુષ્કર્મ આચરનાર વિધર્મીની નકલી આધારકાર્ડ બનાવવા મામલે ધરપકડ કરવામાં આવી છે. પુણા પોલીસે દુષ્કર્મની કલમ ન લગાવતા અનેક ચર્ચાઓ ઉઠવા પામી છે. માત્ર નકલી આધાર કાર્ડ બનાવવા મામલે ધરપકડ કરાઈ છે. હિન્દૂ નામે નકલી આધાર કાર્ડ બનાવનાર ઓજેર આલમ સામે ગુનો દાખલ કરાયો છે.પુણા પોલીસ એ અર્જુન સિંહ નામ ધારણ કરનાર ઓજેર આલમ સામે નકલી આધારકાર્ડની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. આરોપી નામ બદલી બોમ્બે ટેક્ષટાઈલ માર્કેટમાં રૂહી ટેક્ષટાઈલ નામની દુકાન ચલાવતો હતો. હિન્દુ સંઘઠન એ ભારે હંગામો કરતા મામલો બહાર આવ્યો હતો. આરોપીએ યુવતીને સાપુતારા લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું.

સુરતના ન્યૂ બોમ્બે માર્કેટ પાસે આવેલી અવધ માર્કેટમાં અર્જુનસિંઘના નામે નકલી આધારકાર્ડ બનાવી કાપડનો વેપાર કરનારા ઓર્જર આલમ સામે આખરે પુણા પોલીસે ગુનો દર્જ કર્યો હતો. વિશ્વ હિંદુ પરિષદના દક્ષિણ ગુજરાત વિભાગના સંયોજક નરેન્દ્ર ચૌધરીને બાતમી મળી હતી કે, ન્યૂ બોમ્બે માર્કેટ પાસે આવેલી અવધ માર્કેટમાં રૂહિ ફેશનના નામે ધંધો કરતા કાપડ વેપારી અર્જુનસિંઘે નકલી આધારકાર્ડ બનાવડાવ્યું છે અને તે વિધર્મી છે.

જેથી વિહિપના સભ્યોએ દુકાને ધસી જઈ ઓન કેમેરા વિધર્મીનો ભાંડો ફોડી નાંખ્યો હતો. તેના ખિસ્સામાંથી બે આધારકાર્ડ મળી આવ્યા હતા. એક આધારકાર્ડમાં ઓજેર જુગુન અનવર આલમ હોવાનું લખાણ તો બીજા આધારકાર્ડમાં અર્જુનસિંઘ (મૂળ પાલી. રાજસ્થાન)ના નામનું લખાણ હતું.

આ ભોપાળું બહાર આવતા માર્કેટમાં ભારે હંગામો મચી ગયો હતો અને સમગ્ર મામલો પુણા પોલીસમાં પહોંચ્યો હતો. નરેન્દ્ર ચૌધરીએ નકલી આધારકાર્ડ મામલે ઓર્જર આલમ સામે અરજી આપી હતી.

પુણા પીઆઈ મહેશ નાયકે કરેલી તપાસમાં ઓજે આલમે અર્જુનસિંઘના નામે ડુપ્લિકેટ આધારકાર્ડ બનાવ્યો હોવાનું પુરવાર થઈ ગયું હતું. જેથી પોલીસે ઓજેર આલમ સામે વિધિવત્ ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી. પ્રાથમિક પૂછપરછમાં ઓજેર આલમે પોતે કોમ્પ્યુટરમાં ફોટોશોપ પ્રોગ્રામમાં અર્જુનસિંઘના નામે નકલી આધારકાર્ડ બનાવ્યો હોવાનું રટણ કર્યુ હતું.

ઓજેર આલમે નામ-ધર્મ બદલી અન્ય કોઈ કૃત્યો કર્યા છે કે કેમ તે દિશામાં પુણા પોલીસ તપાસ ચલાવી રહી છે.

# દાંતાનાં રાજવી મહારાણા મહીપેન્દ્રસિંહજી પરમારનું નિધન

## મુખ્યમંત્રીએ પાઠવ્યો શોક સંદેશ : સ્ટેટ ઓફ દાંતાના રાજવી મહારાણા મહિપેન્દ્રસિંહજીની અંતિમ યાત્રા સોમવારે યોજવામાં આવશે

બનાસકાંઠા, તા.૧૬

દાંતા સ્ટેટના રાજવી મહારાણા મહીપેન્દ્રસિંહજી પરમારનું નિધન થયું હોવાના સમાચાર મળી રહ્યા છે. દાંતાનાં રાજવી મહારાણા સાહેબ મહીપેન્દ્રસિંહજી પૃથ્વીરાજસિંહજી પરમારનાં દુઃખદ અવસાનથી પરિવાર અને લોકોમાં ભારે દુઃખની લાગણી છવાઈ છે. મહારાણા સાહેબ મહીપેન્દ્રસિંહજી દાંતા રાજવી પરિવારના મુરબ્બી હતા. સ્ટેટ ઓફ દાંતાના રાજવી મહારાણા મહિપેન્દ્રસિંહજીની અંતિમ યાત્રા સોમવારે યોજાશે.

દાંતાનાં રાજવી મહારાણા મહીપેન્દ્રસિંહજી પરમારનું નિધન થતાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શોક સંદેશ પાઠવ્યો છે. તેમણે ટ્વિટ કરીને જણાવ્યું હતું કે, દાંતાનાં રાજવી મહારાણા સાહેબ શ્રી મહીપેન્દ્રસિંહજી પૃથ્વીરાજસિંહજી પરમારના નિધન પર શોકની લાગણી અનુભવું છું. ઈશ્વર તેમના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

# મોડાસામાં ૨૦ વર્ષના યુવકને ક્રિકેટ રમતા આવ્યો હાર્ટએટેક

## પરિવારમાં માતમ છવાયો : પર્વ સોની નામના યુવકનું હાર્ટએટેકથી થયું મૃત્યુ : પર્વ સોની એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતો હતો

અરવલ્લી, તા.૧૬

હાર્ટએટેક હવે એક ડરાવણી બીમારી બની ગઈ છે. ગુજરાતમાં રોજ કોઈને કોઈ ખૂણેથી કોઈના હાર્ટએટેકથી મોતના સમાચાર આવ્યા છે. અરવલ્લીમાં ક્રિકેટ રમતા ૨૦ વર્ષીય યુવાનનું મોત થયુ છે. મોડાસા પર્વ સોનીનું ક્રિકેટ રમતા હૃદય બેસી ગયુ હતું. તેને સારવાર મળે તે પહેલા જ તે મોતને ભેટ્યો હતો. પર્વ સોની એન્જિનિયરીંગનો અભ્યાસ કરતો હતો. ડીપ વિસ્તારમાં આવેલી ગોવર્ધન સોસાયટીના તીર્થ એપાર્ટમેન્ટમાં રહેતા યુવાનના મોતથી તેના પરિવાર પર આભ ફાટ્યું છે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા પથી ૭ વર્ષમાં યુવાઓને પણ હાર્ટ એટેક આવવાના કિસ્સા સતત વધી રહ્યાં છે. આ વિશે તબીબોનુ કહેવુ છે કે, કોરોના પછી આવા કિસ્સાઓ વધ્યા છે. છેલ્લા ૧૦ દિવસથી ઠંડીનું જોર વધી રહ્યું છે. આ સીઝનની ઠંડી કેટલાક વર્ષો પછી અનુભવી છે. તેથી વિદ્યાર્થીઓએ નાસ્તો કર્યા બાદ જ કોલેજ કે સ્કૂલમાં જવું જોઈએ. જો વિદ્યાર્થીઓને તાવ, શરદી હોય તો સ્પોર્ટસ એક્ટિવિટી ન કરવી જોઈએ. હાલમાં શરદીના કારણે ઘણા લોકોને દમ થાય છે. તેથી સ્ટ્રેસફુલ એક્ટિવિટીથી પણ દૂર રહેવુ જોઈએ.

વર્તમાન જીવનશૈલીને નાની ઉંમરે હૃદય સંબંધિત સમસ્યા અને હાર્ટ એટેકના કેસ પણ વધી રહ્યાં છે. હાઈ બ્લડ પ્રેશરથી તેની શરૂઆત થાય છે. જ્યારે લોકો કોઈ સમસ્યાની સારવાર માટે જાય છે,

# વરસાદને પગલે શાકભાજીના ભાવમાં ધરખમ વધારો

## ટામેટા સિવાય આ શાકભાજીઓ પણ મોંઘા થયા : પહેલાં વાલોળના ૮૦ રૂપિયા હતા જે કિલોના ૧૦૦ થયા ૮૦થી ૧૦૦ રૂપિયામાં મળતી તુવેરનો ૧૪૦નો ભાવ

પાદરા, તા.૧૬

ભારે વરસાદને પગલે પાદરા તાલુકામાં શાકભાજના ભાવમાં ધરખમ વધારો જોવા મળ્યો તમામ શાકભાજીના ભાવ ડબલ થયા છે. બિપરજોય વાવાઝોડું અને ભારે વરસાદની અસરથી શાકભાજીના પાકમાં ભારે નુકસાન થયું છે. જેથી હાલ શાકભાજીના ભાવમાં ભડકો જોવા મળી રહ્યો છે. ત્યારે વડોદરના પાદરમાં મધ્ય ગુજરાતના સૌથી મોટા માર્કેટ સરદાર શાક માર્કેટમાં પણ શાકભાજીના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે.

સરદાર શાક માર્કેટમાં શાકભાજીના પાકની આવક ઓછી થતા ભાવમાં ભડકો થયો છે. પહેલાં વાલોળના ૮૦ રૂપિયા હતા જે વધીને હાલ એક કિલોના ૧૦૦ રૂપિયા થયા છે. જ્યારે ૮૦થી ૧૦૦ રૂપિયામાં મળતી તુવેર હાલ ૧૪૦ રૂપિયાના ભાવે વેચાઈ રહી છે. ત્યારે શાકભાજીના ભાવમાં વધારો થતા સરદાર શાક માર્કેટમાંથી થતા ટ્રાન્સપોર્ટેશન પર પણ અસર જોવા મળી રહી છે.

પહેલા બીપરજોય વાવાઝોડાએ રાજ્યભર માં તારાજી સર્જી ત્યાર બાદ હવે ગુજરાતમાં ભારે વરસાદના કારણે ખેડૂતોના મહામુલા પાકને નુકશાન થવા પામ્યું ત્યારે શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે પાદરા તાલુકાના સરદાર શાક માર્કેટમાં શાકભાજી ઓછું આવતા શાકભાજીના ભાવ વધ્યા છે. આમ તો રાજ્યભરમાં જાણીતું અને મધ્ય ગુજરાતનું સૌથી મોટું શાક માર્કેટ સરદાર શાક માર્કેટ કે જ્યાંથી અલગ અલગ રાજ્યો સહિત વિદેશમાં પણ શાકભાજી ટ્રાન્સપોર્ટ થતું હોય છે ત્યારે પાદરાના આ શાક માર્કેટમાં શાકભાજીનો ભાવ વધ્યો છે જેમ કે શાકભાજીમાં વાલોડ -૧૦૦ રૂપિયે વેચાઈ રહી છે જેનો ભાવ અગાઉ ૮૦ રૂપિયે કિલો હતો તુવેર અગાઉ ૮૦ થી ૧૦૦ માં મળતી હતી અત્યારે ૧૪૦ રૂપિયે કિલો વેચાઈ રહી છે સાથે અલગ અલગ શાકભાજીમાં ડબલ ભાવ જોવા મળી રહ્યો છે.

### યોગ સ્ટુડિયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યોગ નિલયમ કેન્દ્રો શરુ કરવામાં આવશે. ત્યારબાદ યોગ્ય પ્રતિભાવ મળ્યેથી અન્ય જગ્યાઓ પર પણ જરૂરીયાત જણાયે યોગ નિલયમ કેન્દ્ર વિકસાવવાનું કામ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે. સમગ્ર યોગ નિલયમ કેન્દ્રનું સંચાલન નોડેલ એજન્સી તરીકે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે.

### કામગીરી મંદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવાનુ મુશ્કેલ બન્યુ છે. વરસાદી દિવસોની શરૂઆત સાથે જ શહેરના સેક્ટરોમાં ઠેક ઠેકાણે વૃક્ષોની લટકતી ડાળીઓ નાગરિકો માટે પરેશાનીનુ કારણ બની છે. જયારે મુખ્યમાર્ગો પર કેટલાક ઠેકાણે નમી પડેલી ડાળીઓ વરસાદી દિવસોમાં ગમે ત્યારે જામીનદોસ્ત થાય તેવી દહેશત પણ પ્રબળ બની છે. એકબાજુ શહેરમાં ઉભા સુકા અલબત્ત જોખમી વૃક્ષોની કટોતી કરવા માટે પણ સમયાંતરે માંગ ઉઠવા પામે છે.

શહેરમાં અગાઉ વનતંત્ર દ્વારા જોખમી વૃક્ષો સંદર્ભે સર્વે હાથ ધરવામાં આવ્યો હતો જેના અંતે ૩૦૦ જેટલા વૃક્ષો જોખમી હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. જયારે આ પૈકી ઘણાં વૃક્ષોને દુર પણ કરવામાં આવ્યા હતા જો કે હાલની સ્થિતિએ પણ શહેરમાં સુકા વૃક્ષો હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. જયારે હાલ વરસાદી દિવસોને ધ્યાનમાં રાખીને વનતંત્ર દ્વારા ત્વરિત અસરથી ટ્રીમીંગની ઝુંબેશ હાથ ધરવામાં આવે તેવી લાગણી અને માંગણી પ્રબળ બની છે.

આ મામલે સુત્રોના જણાંવ્યા મુજબ વનતંત્ર પાસે ટ્રીમીંગની કામગીરી માટે મશીનરી ઉપલબ્ધ નથી જયારે આ માટે વનતંત્રએ કોર્પોરેશનના તંત્ર પાસે બે મશીનની માંગણી કરી છે. બીજીતર વનતંત્રએ ટ્રીમીંગની કામગીરી માટે ચાર જેટલી ટીમો કામે લગાડી દીધી છે. પાંચ સભ્યની એક એમ કુલ ૨૦ મજુરોની ટીમ મારફતે શહેરમાં ટ્રીમીંગનુ કામ ચાલી રહ્યુ છે. જયારે મશીનની ઉપલબ્ધિના અંતે ટ્રીમીંગના કામમાં ઝડપ આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

### વાવેતર સંપન્ન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૫૬ હેક્ટરમાં નોંધાયુ છે તો તલનું વાવેતર પણ ૨૦૦ હેક્ટરને પાર કરી ગયેલ છે. જિલ્લામાં કઠોળ પાકોમાં પણ આ વખતે નોંધનીય વાવેતર જોવા મળશે તેમ ખેડૂતો સાથેની વાતચીતના સંકેતોમાં જાણવા મળેલ છે.

જિલ્લામાં આ વખતે ખરીફ વાવેતર દહેગામમાં ૨૬,૯૩૮ હેક્ટર, ગાંધીનગરમાં ૧૬,૮૭૬ હેક્ટર, કલોલમાં ૬૩૦૧ હેક્ટર, માણસામાં ૧૭,૭૯૯ હેક્ટરમાં વાવેતર સંપન્ન થયુ છે. ડાંગર ધરૂનું વાવેતર પણ ૯૯૩ હેક્ટરમાં થયુ હોવાનું જાણવા મળેલ છે.

### ઝગમગાટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરાયેલા વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત પણ લીધી હતી. શિક્ષણ ક્ષેત્રે થઈ રહેલી કામગીરીનો અભ્યાસ કરવા યુ એસ એ ના નાણામંત્રી જેનેટ યેલન અને વર્લ્ડ બેંકના પ્રમુખ અજય બાંગાએ સમીક્ષા કેન્દ્રની મુલાકાત લીધી હતી. કેન્દ્રની વિવિધ વિગતો મેળવી નિદર્શન નિહાળ્યુ હતુ. ગાંધીનગરમાં જી -૨૦ ના આયોજનને અનુલક્ષી ઠેર ઠેર રોશની જોવા મળે છે. ગાંધીનગરમાં સામાન્ય રીતે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરને દુલ્હનની જેમ શણગારવામાં આવતુ હોય છે. શહેરના મુખ્યમાર્ગો , સર્કલો તેમજ આસપાસનો વિસ્તાર અને વિવિધ બિલ્ડીંગોને પણ રંગબેરંગી રોશનીથી સુશોભિત કરવામાં આવતા નગરનો નઝારો બદલાઇ જાય છે. જયારે જી -૨૦ સમિટને અનુલક્ષીને પણ શહેરમાં દેશ વિદેશના મહાનુભાવાનુ આગમન થતુ રહે છે. જેને ધ્યાનમાં રાખી મહાનુભાવાના સ્વાગત માટે શહેરના કેટલાક વિસ્તારને વિશેષ રીતે સુશોભિત કરવામાં આવ્યો છે. જેમાં મહાત્મા મંદિરથી વિધાનસભા સુધીનો વિસ્તાર પણ રોશનીથી શણગારવામાં આવ્યો છે. સાંજ ઢળતા જ નગરમાં આ વિસ્તારમાં રંગબેરંગી રોશનીનો નઝારો જોવા મળે છે શહેરના હાર્દ સમાવિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં પણ રોશનીની રોનક નિખરે છે. જયારે રક્ષાશક્તિ સર્કલ પાસેના વિસ્તારમાં પણ સુશોભન કરાયુ છે. રાત્રિના સમયે વિવિધ ઠેકાણે રંગબેરંગી સજાવટ અને જગમગતી રોશનીનો અનોખો ઉજાસ પથરાય છે જેના લીધે મુલાકાતીઓ પણ આકર્ષાયા છે જયારે સ્થાનિકો પણ રોશનીની જગમગાટ નિહાળવા માટે રાત્રિના સમયે નિકળી પડે છે. ગાંધીનગરમાં ઘણાં સમયથી વાઈબ્રન્ટ સમિટનુ આયોજન થઈ શકયુ નથી કોરોના કાળમાં વાઈબ્રન્ટના અભાવે નગરજનોને પણ લાંબા સમયના અંતે આ પ્રકારની રોશનીની જળહળા જોવા મળી રહી છે.

### પવારને મળ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પવાર, છગન ભુજબળ, સુનીલ તટકરે, ધનંજય મુંડે, હસન મુશરફ, દિલીપ વાલસે પાટીલ, નરહરિ જીરવાલ જેવા નેતાઓએ પવારને મનાવવાનો પ્રયાસ કર્યો હતો.

લગભગ ૪૦ મિનિટ સુધી ચાલેલી ચર્ચાની વિગતો પ્રફુલ્લ પટેલે મીડિયાને જણાવી હતી. તેમણે કહ્યું કે શરદ પવાર અમારા માટે ભગવાન છે. અજિત પવાર, છગન ભુજબળ, સુનિલ તટકરે, ધનંજય મુંડે, હસન મુશરફ, દિલીપ વાલસે પાટીલ અને અન્ય તમામ મંત્રીઓ શરદ પવારના આશીર્વાદ લેવા માટે સમય માંગ્યા વિના વાયબી ચવ્હાણ કેન્દ્રમાં પહોંચ્યા હતા. ખબર પડી કે પવાર સાહેબ વાયબી ચવ્હાણ સેન્ટરમાં મીટિંગના સંદર્ભમાં આવ્યા હતા. પછી અમને મોકો મળ્યો અને અમે તેને મળ્યા. તેમના આશીર્વાદ લીધા.

પ્રફુલ્લ પટેલે કહ્યું કે તે જ સમયે અમે તેમને વિનંતી કરી હતી, અમે તેમનું સન્માન કરીએ છીએ પરંતુ તેમણે વિચારવું જોઈએ કે એનસીપી કેવી રીતે એક થઈ શકે અને ભવિષ્યમાં રાજકારણ વિશે પણ માર્ગદર્શન આપે. તેણે અમારી વાત સાંભળી. પ્રફુલ્લ પટેલે કહ્યું કે અમારી દરખાસ્ત પર તેમણે કોઈ પ્રતિક્રિયા આપી નથી. આ સાથે આવતીકાલથી રાજ્ય વિધાનસભાનું સત્ર પણ શરૂ થઈ રહ્યું છે. પ્રફુલ્લ પટેલે એમ પણ કહ્યું કે અજિત પવારની અધ્યક્ષતામાં કેબિનેટ તેનું કામ પૂરજોશથી શરૂ કરશે. એકંદરે, એવું કહેવામાં આવી રહ્યું છે કે શરદ પવારે કોઈ જવાબ આપ્યા વિના અજિત પવારના જૂથના પ્રસ્તાવને ફગાવી દીધો. પવારે અડધા કલાકથી વધુ સમયથી ચાલી રહેલી બેઠકને ખતમ કરવાની ચેતવણી આપી હતી. પવારે આપેલી દરખાસ્તનો જવાબ ન આપતાં અજિત પવારના જૂથના મંત્રીઓએ પણ ફરી બેઠક યોજી હતી. શરદ પવારે અજિત પવારને સમર્થન કરતા ધારાસભ્યોને પહેલા જ કહી દીધું હતું કે તેઓ ભાજપ સાથે જવા માંગતા નથી. પવારે કોઈ જવાબ આપ્યા વિના અજિત પવારના મંત્રીના પ્રસ્તાવને ફગાવી દીધો હોવાની આજે પણ ચર્ચા છે.

### બુમરાહ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રિપોર્ટ પ્રમાણે, બીસીસીઆઈના ક્રિકેટ પ્રમુખ વીવીએસ લક્ષ્મણની દેખરેખ હેઠળ તેના કમબેક પાછળ મહેનત કરવામાં આવી રહી છે અને તે નેટમાં પૂરા જોશ સાથે ૮-૧૦ ઓવર બોલિંગ કરી રહ્યો છે. અંદરની વાત કરીએ તો, સિલેક્ટર્સ અને ટીમ મેનેજમેન્ટ સપ્ટેમ્બરમાં એશિયા કપ માટે બુમરાહને સામેલ કરવા માગતા હતા, છેલ્લા કેટલાક અઠવાડિયામાં તેણે જેટલી ફિટનેસ દેખાડી છે તેનો અર્થ એ છે કે, તે આગામી મહિને ઓછી અનુભવી ભારતીય ટીમ સાથે આયર્લેન્ડ ટુર પર જઈ શકે છે. માનવામાં આવી રહ્યું છે કે, આગામી દિવસોમાં તેના પર નિર્ણય લેવામાં આવશે.

જસપ્રીત બુમરાહ ગયા વર્ષે સપ્ટેમ્બરમાં પીઠની ઈજા થયા બાદ કોઈ ક્રિકેટ રમ્યો નથી. ઈજાને જોતા તેને વધારે દેખરેખ સાથે સંભાળવામાં આવી રહ્યો છે. તેવી જાણ થઈ છે કે, બુમરાહને નેટ્સ પર કોઈ અસુવિધા થઈ રહી નથી, તે નિયમિત ટ્રેનિંગ લઈ રહ્યો છે. તેવો સંકેત છે કે, બુમરાહ એનસીએમાં કેટલીક પ્રેક્ટિસ મેચ પણ રમી શકે છે, જ્યાં ટ્રેનિંગ કેમ્પ પણ ચાલી રહ્યો છે. વધુ એક ઈજાગ્રસ્ત બોલર પ્રસિદ્ધ કૃષ્ણાની હાલતમાં પણ સુધારો થઈ રહ્યો છે અને તેણે પણ ફરીથી બોલિંગ કરવાનું શરૂ કરી દીધું છે. જો કે, આગામી મહિને આયર્લેન્ડની ટુર માટે તેનું રમવાનું નક્કી નથી, પરંતુ તે એશિયા કપમાં રમવા માટે તૈયાર છે, તેને ભારત તરફથી તક આપવામાં આવી શકે છે. કૃષ્ણાએ ટીમ ઈન્ડિયા સાથે જોડાયા બાદથી મિડલ ઓવર્સમાં પોતાની ફાસ્ટ બોલિંગથી ઘણા પ્રભાવિત કર્યા નથી. બીજા પાવરપ્લેને ધ્યાનમાં રાખતા તેની બોલિંગ વિપક્ષી ટીમો સામે પ્લાનિંગમાં મહત્વની હોતી હતી. છેલ્લા એક વર્ષથી ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં ટીમ ઈન્ડિયાના પ્લેઈંગ ઈલેવનનો ભાગ રહેનારા શ્રેયસ અય્યર વારંવાર ઈજાગ્રસ્ત થઈ રહ્યો હતો. તેની પીઠની ઈજા વારંવાર ઉથલો મારી રહી છે. સર્જરી કરાવ્યા બાદથી તેણે ફરીથી બોલિંગ શરૂ કરી છે. ગત ફેબ્રુઆરી-માર્ચમાં ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ દરમિયાન ઈજા થયા બાદથી મિડલ ઓર્ડરનો આ બોલર આઈપીએલ પણ રમી શક્યો નથી. આશા છે કે બુમરાહની જેમ અય્યર પણ આયર્લેન્ડ જઈ શકે છે.

# મહિલાની સર્જરી વખતે તબીબની બેદરકારી ભારે પડી

## વડોદરા કન્ઝ્યુમર ફોરમનો ઐતિહાસિક ચુકાદો : ફરજમાં બેદરકારી દાખવવા બદલ તબીબે ફરિયાદીને ૨૧ લાખ રૂપિયાનું વળતર ચૂકવવું પડશે

વડોદરા, તા.૧૬

વડોદરાના કન્ઝ્યુમર ફોરમે ગ્રાહકની તરફેણમાં એક ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. ઘટનાના ૨૦ વર્ષ બાદ એક મહિલાને ન્યાય મળ્યો છે. ફરજમાં બેદરકારી દાખવવા બદલ તબીબે ફરિયાદીને ૨૧ લાખ રૂપિયાનું વળતર ચૂકવવું પડશે. આ વળતર મહિલાને તકલીફ ઓછી નહીં કરી શકે, પણ બેદરકાર તબીબો માટે સબક છે. તબીબને ધરતી પરના ભગવાન કહેવાય છે કેમ કે તે વ્યક્તિનો જીવ બચાવે છે.

જો કે વડોદરામાં એક મહિલા માટે એક તબીબ દુશ્મન સાબિત થયો છે. તબીબે તેમની સમસ્યા દૂર કરવાની જગ્યાએ અનેક ગણી વધારી દીધી. વર્ષ ૨૦૦૪માં મહિલાની સર્જરી કરવામાં આવી હતી. ફરિયાદી પક્ષનું માનીએ તો શૈલેષ તલાટી નામના તબીબે સર્જરી કરી અને યોગેશ શાહ નામના તબીબે મહિલાને એનેસ્થેસિયા આપ્યું હતું. જો કે એનેસ્થેસિયાનો ડોઝ વધુ અપાતા નેહા શાહ નામના દર્દી કોમામાં પહોંચી ગયા હતા.

સર્જરી બાદ મહિલાની હાલતમાં સુધારો થવાની જગ્યાએ બગડતી ગઈ. તેમના પરિવારજનોએ ૩ વર્ષ સુધી હોસ્પિટલો બદલી. મહિલા કોમામાંથી બહાર તો આવ્યા, જો કે શરીર ૯૦ ટકા કામ કરતું બંધ થઈ જતા આજે પણ પથારીવશ છે. ૨૦૦૭માં મહિલાના પતિ સમીર શાહે કન્ઝ્યુમર ફોરમમાં તબીબ સામે કેસ દાખલ કર્યો હતો. પહેલા તો તબીબે પોતાની ભૂલ માનવાનો ઈન્કાર કર્યો. પછી એક લાખ રૂપિયામાં પતાવટ કરવાની પણ ઓફર કરી. જો કે સમીરભાઈને ન્યાય જોઈતો હતો.

કન્ઝ્યુમર ફોરમે કેસ દાખલ થયાના ૧૭ વર્ષ બાદ પોતાનો ચુકાદો આપ્યો છે. કોર્ટે ફરિયાદીને ૨૧ લાખ રૂપિયાનું વળતર આપવા તબીબને આદેશ આપ્યો છે. આ વળતર વડોદરાના કન્ઝ્યુમર ફોરમના ઈતિહાસમાં સૌથી વધુ વળતર છે. ફરિયાદીએ કન્ઝ્યુમર કોર્ટના ચુકાદા સામે સંતોષ વ્યક્ત કર્યો છે, ફરિયાદી સાથે ન્યાય થયો છે. જો કે એક વ્યક્તિની તકલીફ તેનાથી ઘટી જતી નથી. એક તબીબની બેદરકારી વ્યક્તિને કેટલી ભારે પડી શકે છે, તેનો આ દાખલો છે.

આ કેસને જોતાં સમજી શકાય છે કે તબીબના વ્યવસાયમાં બેદરકારીને કોઈ અવકાશ નથી. આ ચુકાદો આવા તબીબો માટે ચેતવણી સમાન છે, દર્દીઓ પણ પોતાના કાયદાકીય અધિકાર વિશે ખબર હોવી જરૂરી છે.